



## મોડાસા સહિત અરવલ્લી જિલ્લામાં ચૈત્રી અષ્ટમી અને રામનવમીની ઠેર ઠેર ઉમંગભેર ઉજવણી કરાઈ

અરવલ્લી જીલ્લામાં ભગવાન રામના જન્મદિવસની ઉજવણી ઠેર ઠેર ભક્તિભાવ પૂર્વક હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ચૈત્ર સુદ નોમનો દિવસ સાંઈબાબા અને સ્વામિનારાયણ ભગવાનના જન્મદિનની ઉજવણી પણ ધામધૂમ પૂર્વક કરવામાં આવે છે. મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા સાંઈ મંદિરે ભગવાન રામ અને સાંઈબાબાના જન્મદિવસની ઉજવણીમાં ૧૨૧ કિલો સૂકા મેવા અને માવામાંથી બનાવેલી કેક ધરાવી પૂજા અર્ચના બાદ કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી આ ઉજવણીમાં મોટી સંખ્યામાં શહેર અને જીલ્લાના ભક્તો જોડાયા હતા અને વહેલી સવારથી મોડી રાત્રી સુધી દર્શનનો લાભ લીધો હતો. અરવલ્લી જિલ્લામાં પરંપરાગત રીતે ચૈત્રી નવરાત્રિ ઉજવીનેઆજે ચૈત્રી અષ્ટમી અને રામનવમીની ઠેર ઠેર ઉમંગભેર ઉજવણી કરાઈ હતી. ભાવિકો દેવ મંદિરોમાં જઈ માથું ટેકવી દર્શન કર્યા હતા. આઠમના હવન યજ્ઞ યોજી ભાવિકોએ વ્રતનું સમાપન કર્યું હતું. મોડાસા સહિત સમગ્ર જિલ્લામાં ચૈત્રી નવરાત્રી ઉત્સવ દર વર્ષની જેમ આ વર્ષે પણ પરંપરાગત ઉત્સાહ ઉમંગભેર ઉજવવામાં આવ્યો હતો. કેટલાક ગામોમાં આસો નવરાત્રીની જેમ જ આ નવરાત્રીમાં પણ ગરબાની રમઝટ સાથે નવરાત્રીના નવ દિવસ પસાર કર્યા હતા. શક્તિની ઉપાસનાના આ પર્વમાં પણ ભાવિકોએ નવ દિવસ નકોરડાં ઉપવાસ વ્રત રાખી માં શક્તિની ઉપાસના કરી હતી. આ નવરાત્રીમાં પણ માતાજીના જપ, તપ કરી શક્તિના પાઠ કરી કૃપા પામવા ભક્તિભાવ સાથે નોરતાં ઉજવ્યાં હતા. આ વર્ષે આઠમ અને નોમ એક સાથે આવતા આઠમના હવન યજ્ઞ કરીને વ્રતધારી ભક્તોએ પોતાના આનુષ્ઠાનો પૂરાં કર્યાં હતાં. જ્યારે સાથે સાથે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામના જન્મદિન રામનવમી પણ હોઈ ભક્તોએ મંદિરોમા જઈને દેવ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જિલ્લામાં આજે આઠમ અને નોમના એક સાથે આવતાં સૌ ભાવિકો આનંદ વિભોર બનીને તેની ઉજવણી કરી હતી.

## મોડાસાની માતૃ સેવાકીય સંસ્થા અન્નપૂર્ણા ટ્રસ્ટની રજત જયંતિની ઉજવણી

મોડાસા શહેરમાં સતત ૨૫ વર્ષથી ફક્ત રૂ. ૨ માં મોડાસા શહેરની ખાનગી અને સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને સાત્વિક ટિફિન સેવા પુરી પાડતી સેવાકીય સંસ્થા અન્નપૂર્ણા ટ્રસ્ટને ૨૫ વર્ષ પૂર્ણ થતા રવિવારે મોડાસા ટાઉનહોલ ખાતે રજત જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ટ્રસ્ટના ટ્રસ્ટીઓ,સદસ્યો અને શહેરના અગ્રણીઓ અને નાણાંકીય સહકાર આપતા નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. અન્નપૂર્ણા ટ્રસ્ટ દ્વારા દાદા-દાદીનો વિસામો અને ફક્ત રૂ. ૧ માં ઠંડી છાસનું વિતરણ અને મફત ઠંડા પાણીની સેવાઓ સહિતની વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે.




## ધનસુરા ગ્રામ પંચાયત ધ્વારા ધનસુરામાં પાણીની પરબો શરુ

ધનસુરા ગ્રામ પંચાયત ધ્વારા ઉનાળામા લોકોને ગરમીથી રાહત મળે એ માટે ઠંડા મિનરલ પાણીની પરબો શરુ કરાઈ. ધનસુરા ગ્રામ પંચાયત ધ્વારા ચાર રસ્તા અંબે માતાજીના મંદિર પાસે અને બસ સ્ટેન્ડ પાસે પાણીની પરબ શરુ કરાઈ. ધનસુરા તાલુકાનુ મુખ્ય મથક હોવાથી આજુબાજુના ગામ લોકો મોટી સંખ્યામાં ધનસુરા આવતા હોય છે જેથી લોકોને આનો લાભ મળેશે.

## ખેડબ્રહ્માના રાધાકૃષ્ણ મંદિરમાં રામજન્મોત્સવ ઉજવાયો

ખેડબ્રહ્માના ઠાકોર મંદિર ટ્રસ્ટ સંચાલીત રાધાકૃષ્ણ મંદિરમાં રામનવમી નિમિતે પુજા આરતી તથા ઘ્વજા આરોહણ નો ધર્મલાભ શામલભાઈ પૂંજાભાઈ પટેલ પરિવારે લીધો હતો ભગવાનની ધજા વાજતે ગાજતે શામલભાઈના નિવાસ સ્થાનેથી લાવવામાં આવી હતી બપોરે ૧૨ વાગે ભગવાન રામની જન્મોત્સવ આરતી કરવામાં આવી હતી જેનો મોટી સંખ્યામાં ભાવિક ભકતો એ ભગવાનનું પરણું ઝુલાવી તથા આરતીનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી ગોપી મંડળની બહેનોએ ભજનની રમઝટ બોલાવી હતી આ પ્રસંગે મંદિરના પૂજારી જસવંતલાલ પંડ્યા સફળ બનવ્યો હતો.



## ખેડબ્રહ્મામાં શ્રીરામ નગરચર્યાએ નીકળ્યા

હજારો ભાવિકો ઉત્સાહ ભેર યાત્રા મા જોડાયા ચૈત્રસુદનોમભગવાનરામનાજન્મ દિવસે ખેડબ્રહ્મા શહેરમા અંબીકા માતાજી મંદિરથી પર્સથાન કરવા કરવામા આવ્યુ હતુ રામલ્લાની યાત્રા આવવાની હોઈ નગરજનો અધિરા જોવા મળ્યા હતા. ઠેર ઠેર યાત્રાનુ સ્વાગત કરવામા આવ્યુ હતુ. નગરપાલિકાસદસ્યો દ્વારા ફુલહારથી સ્વાગત કરવા મા આવ્યુ તેમજઆઈસ્કીમ છાસ ઠંડા પાણીની પણ ગોઠવણ ધર્મ પેર્મી જનતા દ્વારા કરવામા આવ્યુ હતુ. આ યાત્રાને સફળ બનાવવા વીવીધ હીન્દુ સંગઠનદ્વારા આયોજન કરવામા આવ્યુ હતુ.

## પ્રાંતિજમાં ૪૦૦ વર્ષ પુરાતન વહાણવટી માતાનો ૧૭મો પાટોત્સવ

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રામપુર ખીજડાવાળા માતા વહાણવટી માનો ૧૭મો પાટોત્સવ દુર્ગાષ્ટમી તા.૨૫ મી માર્ગ ભવ્ય હોમ, હવન, પૂજન, અર્ચન મહાઆરતીના ભવ્ય પ્રોગ્રામ સાથે ધામધૂમથી ઉજવાયો હતો.

ઉપરાંત બેટી બચાવો બેટી વધાવોના કાર્યક્રમનું ઉદ્‌ઘાટન ગાંધીનગરના ડે. કલેકટર શ્રીમતી અનસૂયાબેન જહાં દ્વારા કરી બેટી માનૃત્ય અને માઇ શકિતનો માર્મિક મર્મ સમજાવ્યો હતો. સંત હરિચરણદાસ બાપુ દ્વારા દુર્ગાષ્ટમી વિશે મનનીય ઉદ્દબોધન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ દિપસિંહ રાઠોડ, મા. ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, માઈ ભક્તો સંતો, મંહતોના સન્માનો ઉપરાંત ૪૦૦ જેટલાં ગામ કુવારિકાઓ માતા, ફોઈબાઓને શાલ કળશની ભેટ સોંગાદો મંદિર દ્વારા આપવામાં આવી હતી. મંદિરના પરિસરમાં હજારો ભક્તોની ભીડ જામી હતી. સમગ્ર આયોજન ડાહ્યાભાઈ પ્રજાપતિ, મનુભાઈ શર્મા, નરસિંહભાઈ વગેરે દ્વારા કરવામાં આવ્યું હતું.



## લાટીવાળા ડી.એલ.એડ. કોલેજ મોડાસામાં બે દિવસીય નાટ્ય શિબિર યોજાઈ

મોડાસા, તા. ૨૫

ગુજરાત સાહિત્ય અકાદમી અને શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ, મોડાસા સંચાલિત ગો.વા.પ.ભ. મુરીબેન ખેમચંદદાસ શાહ (લાટીવાળા) ડી.એલ.એડ. કોલેજ મોડાસાના સંયુક્ત ઉપક્રમે તા. ૧૫, ૧૬ માર્ચના રોજ યોજાઈ હતી.

આ શિબિરમાં ઉત્તર ગુજરાતની શાળા-કોલેજોમાંથી ૭૦ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઉત્સાહભેર જોડાયા હતા. કોલેજના આચાર્ય ડૉ. સંતોષ દેવકરે શાબ્દિક સ્વાગત કર્યુ હતુ. નાટ્યશિબિરના પ્રથમ દિવસે ઉદ્‌ઘાટન સમારોહમાં ઈલાબેન આહીર પ્રાંત અધિકારી મોડાસા ઉદ્‌ઘાટક તરીકે પધાર્યા હતા. જ્યારે મંડળના પ્રમુખ નવીનચંદ્ર આર. મોદી અધ્યક્ષ સ્થાને પધાર્યા હતા અને અભિજીત વ્યાસ તેમજ ધનંજય પટેલ (ડી.કે.), તેમજ મહેન્દ્રભાઈ પ્રજાપતિ મુખ્ય મહેમાન અને વક્તા તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે અતિથિ વિશેષ તરીકે પરેશભાઈ મહેતા માનદ મંત્રી ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજમાં ડેપો મેનેજરની મનમાનીથી એસ.ટીના મુસાફરોને હાલાકી

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે એસટીના કાયમી મુસાફરોને ત્રણ દિવસની રજાઓ આવતા પાસ માટેની કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવામા ન આવતા એસટીના કાયમી મુસાફરોને ત્રણ દિવસ આખું ભાડુ ચુકવી મુસાફરી કરવાનો વારો આવતાં એસટી તંત્ર વિરુધ્ધ રોષ જોવાં મલ્યો હતો.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ એસ.ટી તંત્ર દ્વારા ત્રણ દિવસની રજા આવતાં તલોદ પોઈંટ હોવા છતા વિ. પાસ તેમજ મુસાફર પાસ કાઢવા માટે એક કલાર્ક ફાળવાયેલ છે અને મુસાફરો તથા વિ.પાસ નિકળ્યા હોવાનું રોજીંદુ અવરજવર કરનાર મુસાફરો દ્વારા જાણવાં મલ્યુ હતું. પ્રાંતિજમા તો મેન બસ ડેપો હોવા છતાં પ્રાંતિજ પોઈન્ટ ઉપર વિ. પાસ કે મુસાફર માટે પાસ કાઢવા માટે કોઈ કલાર્ક કે અન્ય વ્યવસ્થા ના હોવાથી પાસ વાળા મુસાફરોમાં રોષ જોવા મલ્યો હતો. શનિ, રવિ, સોમની વહેલી નોકરી હોવાથી પોતાને ત્રણ દિવસનું મોંઘવારીમાં તંત્રના પાપે વધુ ભાડું ભરીને જવું પડયું હતું. તલોદ ડેપો પ્રાંતિજના અંદર હોવા છતાં ત્યાં સગવડ પુરી પાડવામાં આવે છે. પણ પ્રાંતિજ ડેપોના મુસાફરોને જાણે અન્યાય થતો હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે. તો આ પ્રશ્ન અંગે ડેપો મેનેજરની સમક્ષ કોઈ પ્રશ્નો લઈને જાય તો ડેપો મેનેજર દ્વારા આવા વાહિયાત પ્રશ્નો લઈને આવવું નહી. તો ડેપો મેનેજર વિષે દિવસે-દિવસે એસટીના મુસાફરો તથા ડેપોમાં કામ કરતાં કર્મચારીઓ દ્વારા ફરીયાદ હોવા છતાં નઠોર એસટીતંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં ના આવતાં કર્મચારીઓ મુસાફરોમાં પ્રાંતિજ તથા તાલુકાના લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

## પ્રાંતિજમાં બાઈક ઉપર વિદેશી દારૂનો વેપાર કરતો તલોદના ચંદપુરનો યુવક પકડાયો

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રાત્રીના સમયે બાઈક ઉપર



વિદેશી દારૂનો વેપાર કરતા તલોદના ચંદપુર (રૂપાલ)ના યુવાનને પ્રાંતિજ પોલીસે મુદ્દામાલ સાથે પકડી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના ભાખરીયા બસસ્ટેન્ડ પાસે રાત્રીના ૧ કલાકે પ્રાંતિજ પીએસાઈ પી.એન. ઝાલા, પો.કો. માનસિંહ સહિત પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી. તે સમયે એક બાઈક સવાર બાઈક ઉપર થેલા ભરાવેલા શંકાસ્પદ રીતે મળી આવતાં તેની પુછપરછ કરતાં તે બાઈક સાથે ભાગતાં પોલીસે પકડી પાડયો હતો. થેલામાં તપાસ કરતાં તેની પાસેથી રોયલ સ્ટેગડીલક્ષ જે એક બોટલની કિંમત ૫૦૦ લેખે બોટલ નંગ- ૮ મળી કુલ ૪૦૦૦ તથા ઓફિસર ચોઈસ કલાસિક વિસ્કી જે એક બોટલની કિંમત ૪૦૦ લેખે બોટલ નંગ ૩ કિંમત ૧૨૦૦ તથા હેર્વડ ૫૦૦૦ સુપર સ્ટ્રોગબિયર નંગ ૧૨ તથા કીંગ ફીશર સુપર સ્ટ્રોંગ પ્રીમિયમ નંગ ૯ જે એક ટીનની કિંમત ૧૦૦ લેખે બિયરની ટીન નંગ ૨૧ની કુલ ૨૧૦૦ તેમજ સેમસંગ કંપની મોબાઈલ નંગ ૩ કુલ ૮૦૦૦ તથા આરોપી પાસેથી રોકડા ૪૭૦૦ તેમજ બજાજ પલ્સર નંબર જીજે.૯.સીવી. ૭૪૪૭ની કિંમત ૫૦,૦૦૦ મળી કુલ-૬૬,૦૦૦ના મુદ્દામાલ સાથે આરોપી સિધ્ધરાજસિંહ અર્જુનસિંહ ઝાલા ઉ.વર્ષ- ૨૮ રહે. ચંદપુર (રૂપાલ) તા. તલોદની અટકાયત કરી પ્રાંતિજ પોલીસ માનસિંહ મનવતસિંહની ફરીયાદના આધારે પોલીસે પ્રો.હી કલમ- ૬૫ઈ, ૧૧બી ૯૮ (૨) મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામા આવી હતી.





## મોડાસામાં રામનવમીએ વિશાળ બાઈક રેલી... જય શ્રી રામના નારા ગૂંજ્યા

મોડાસા શહેરમાં ભગવાન રામલલ્લાના જન્મ દિવસની ઉજવણીના પર્વ રામનવમીએ વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને દુર્ગાવાહીની દ્વારા ભગવાન રામલલ્લાની ભવ્ય શોભાયાત્રા શહેરના માર્ગો પર બાઈક રેલી યોજી નીકાળવામાં આવી હતી. શહેરના માર્ગો જય શ્રી રામના નાદથી ગુંજી ઉઠ્યા હતા. ડીજેના તાલે નીકળેલ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં રામભક્તો અને મહિલાઓ બાઈક રેલીમાં જોડાઈ હતી. મોડાસાના માલપુર રોડ પર આવેલા વિશ્વ હિન્દુ પરિષદ કાર્યાલયથી રામપાર્ક સોસાયટી, બસ સ્ટેન્ડ વિસ્તાર, કડીયાવાડા, ચાર રસ્તા અને મેઘરજ રોડ સહીત શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થતા સમગ્ર વિસ્તાર જય શ્રી રામના નારાથી ગુંજી ઉઠ્યો હતો. વીએચપીના કાર્યકરોએ ખુલ્લી તલવારો સાથે શક્તિપ્રદર્શન પણ કર્યું હતું.